# સાબરકાંઠા અસામાજિક તત્વોના હવાલે..!

## હિંમતનગરમાં ૨૦ વર્ષિય યુવતીની હત્યા કરી મૃતદેહ સળગાવી કેનાલ પાસે ફેંકી દેવાયો : હત્યારાઓએ યુવતી સાથે કુકર્મ આચરી હત્યા કરી હોવાની શંકા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત સમગ્ર જિલ્લો જાણે કે અસામાજિક તત્વોના હવાલે કરાયો હોય તેમ છેલ્લા ૧૦ દિવસમાં મહિલાઓના અપમૃત્યુ સહિતના બનાવોએ જિલ્લાની પ્રજાને હચમચાવી મુકી છે. મોડાસામાં પોલીસ કોન્સ્ટેબલના ક્વાટર્સમાં યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન લીલા સંકેલ્યાની કરૂણ ઘટના, વડાલી પાસેથી યુવાનની અર્ધ બળેલી મૃતદેહ મળ્યાના ગણત્રીના દિવસોમાં હિંમતનગરમાંથી એક ૨૦ વર્ષીય યુવતીની સળગેલી મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

જિલ્લામાં મહિલાઓ ઉપરના અત્યાચારોનો આંક ઉંચકાઈ રહ્યો છે. દિલ્હી કે મુંબઈ જેવા મોટા શહેરોમાં મહિલાઓ ઉપર અત્યાચાર થાય છે ત્યારે હોહા મચી જાય છે. જ્યારે નાના નાના શહેરો અને ગામડાઓમાં રોજબરોજ સગીરા અને યુવતીઓ ઉપર બળાત્કાર થાય છે, અપહરણ થાય છે અને મહિલાઓ ઉપર અત્યાચાર ગુજારવામાં આવતો હોય છે. પરંતુ આવા કિસ્સાઓ યેન કેન પ્રકારે દબાવી દેવામાં આવતા હોય છે.



જિલ્લામાં મહિલાઓ ઉપરના અત્યાચારો ચિંતાજનક છે. આવા બનાવોને નાથવામાં પોલીસ નિષ્ફળ સાબિત થઈ રહી છે. તાજેતરમાં મોડાસામાં એક યુવતીએ પોલીસ કોન્સ્ટેબલના મકાનમાં આત્મહત્યા કરી પોલીસનું નાક કાપીને મુકી દીધાના ગણત્રીના દિવસોમાં હિંમતનગરના મોતીપુરા કેનાલ પાસેથી એક યુવતીની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસ પણ યુવતીના વાલી વારસોનો પત્તો મેળવવા તેમજ હત્યારાઓ સુધી પહોંચવા દોડતી થઈ ગઈ છે. પરંતુ હજુ સુધી કોઈ જ સુરાગ પોલીસને મળ્યો નથી.

૨૦ વર્ષીય યુવતીની લાશ હિંમતનગરના મોતીપુરા કેનાલ પાસે પડી હોવાની જાણ પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. યુવતીની લાશ અર્ધનગ્ન હાલતમાં મળી આવેલ છે. તેના માથાનો ભાગ બળી ગયેલ છે. તેની સાથે કુકર્મ કરી તેની હત્યા કરવામાં આવી હોવાની શંકા સેવાઈ રહી છે. ત્યારે જોવું રહ્યું યુવતીની હત્યા પાછળ કોણ છે ? કયા કારણોસર હત્યા કરવામાં આવી ? તેના રહસ્યો ત્યારે ખુલશે જ્યારે યુવતી અને તેના હત્યારાઓની માહિતી પોલીસને પ્રાપ્ત થશે.

## ડીસા તાલુકા પોલીસનો જુગારધામ પર દરોડો

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના જુના ડીસા ગામેથી દરોડા કાર્યવાહી દરમ્યાન પોલીસે કેટલાક છ જુગારીયાઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય ચાર



ભાગી છૂટ્યા હતા. જેમની પાસેથી પોલીસે મોબાઈલ, રોકડ, તેમજ ત્રણ મોટરસાયકલ સહીત એક લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી કાર્યવાહી હાથ ધરેલ છે. બનાસકાંઠા જિલ્લામાં શ્રાવણીયો જુગાર એક મોટી બદી તરીકે ફૂલીફાલી રહી છે. અને શ્રાવણ માસમાં બિલાડીની ટોપની જેમ જુગારની ક્લબો ધમધમી ઉઠે છે. ત્યારે ડીસા તાલુકા પોલીસે આ બદીને ડામવા મળેલ બાતમી આધારે ડીસાથી ૭ કિલોમીટર દૂર જુના ડીસા ગામે એક મકાનમાં રેડ કરી હતી. રહેણાંકના આ મકાનમાંથી પોલીસને જોઈ જુગાર રમતા તત્વોમાં ભાગદોડ મચી હતી. જેમાં દસ જુગારીયા પૈકીના ચાર અંધકારનો લાભ લઈ નાસી ગયા હતા. જ્યારે છ ઈસમો પાંચ મોબાઈલ, રોકડ રકમ, અને ત્રણ મોટર સાયકલ સાથે જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. આ જુગારિયાઓમાં સેંધાભાઈ મણીલાલ મોદી, હસમુખભાઈ સોમાભાઈ મોદી, શાંતિ પુનમાજી મોદી, દિલીપભાઈ પ્રકાશભાઈ મોદી, પ્રભુભાઈ પોપટલાલ મોદી, વિષ્ણુભાઈ મણીલાલ મોદી ઝડપાયેલા હતા. જ્યારે શૈલેષ નટવરલાલ મોદી, લાલભાઈ પોપટલાલ મોદી, મહેશભાઈ નટવરલાલ મોદી, શાંતિલાલ ભાયચંદભાઈ મોદી, અંધકારનો લાભ લઈ ભાગી છુટ્યા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. ભદોરિયાએ ઝડપાયેલો એક લાખ નવ હજાર બસોનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી કુલ જુના ડીસા ગામે રહેતા અને મોદી કોમના આ દસ ઈસમો વિરૂદ્ધ જુગારધારા મુજબ ગુનો દાખલ કરેલ છે.

## ઊંઝામાં ગુનાહીત પ્રવૃત્તિનો ગ્રાફ વધતા લોકોમાં આક્રોશ

ઊંઝા, તા.૧૫

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ તંત્રની નિષ્ક્રીયતાને કારણે મિલકત વિરુધ્ધના તેમજ અન્ય ગુનાઓનું પ્રમાણ ખુબ વધી જતા સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા લોકો અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે.

ઊંઝા શહેર અને તાલુકાના ગામોમાં છેલ્લા ઘણા સમયથી ધાડ, લૂંટ, ઘરફોડ, ચોરીઓ જેવી કે મંદિર, વાહન, કેબલ, ઢોર, કૃષિ ચીજોની ચોરીઓ, ચેનસ્નેચીંગ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. આ ઉપરાંત અસામાજીક પ્રવૃત્તિઓ એ પણ ભારે ઉપાડો લીધો છે તેવું ચર્ચાય છે. છેલ્લા બે ત્રણ વર્ષથી આ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ નિયંત્રિત કરવામાં પોલીસ તંત્ર નિષ્ફળ નિવડેલ છે.

છેલ્લા ત્રણેક વર્ષ દરમિયાન સ્થાનિક પોલીસ મથકે મિલકત વિરુધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ઘણા ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તથા જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મિલકત વિરુધ્ધના ગુનાઓના ભેદ ઉકેલવાની દિશામાં યોગ્ય તપાસ થતી નથી. તપાસના કામે ખંત અને મહેનતનો અભાવ વર્તાય છે. પરિણામે ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાતું નથી તેમજ ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે થઈ શકતો નથી આમ કાગળ પર દોડતી તપાસથી ગુનાઓના ભેદ શોધી શકાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે. જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ બાબતે ગંભીરતા પૂર્વક વિચારી મિલકત વિરુધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓના ભેદ ઉકેલાય તે દિશામાં સક્રીય પ્રયત્નો કરવા જોઈએ તેવું આમ જનતા ઈચ્છે છે.

## પ્રાંતિજમાં તસ્કરોનું સામ્રાજ્ય

### તસ્કર ટોળકી એક પછી એક ચોરીને અંજામ આપે છે : પોલીસનું ઉદાસીન વલણ : શહેરીજનો ભયભીત

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ શહેરમાં તસ્કરોને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ એક પછી એક ચોરીને અંજામ આપીને પોલીસને લપડાક મારી રહ્યા છે અને જાણે પોલીસ પણ ચોરોને પકડવા માટે હવામાં હવાતિયા મારી રહી છે. પણ એક પછી એક ચોરીને અંજામ આપતા ચોર ટોળકીને કારણે પ્રાંતિજની પ્રજામાં ભય ફેલાયો છે.



પ્રાંતિજમાં ગત રાત્રીના સમયે એપ્રોચ રોડ ઉપર આવેલ ગંગોત્રી પાર્ક, સ્વામીનારાયણ સોસાયટીને તસ્કર ટોળકી ત્રાટકી હતી અને સ્વામીનારાયણ સોસાયટીના ત્રણ મકાનોને નિશાન બનાવ્યા હતા. જેમાં દવે નિતિનભાઈ, ભરતભાઈ ખમાર અને અશોકભાઈ ખમારના બંધ મકાનના દરવાજાનું સેન્ટર લોક તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા અને ઘરમા રહેલો સામાન વેર-વિખેર કરી નાખ્યો હતો અને બેડરૂમમાં રહેલી તિજોરી તેમજ ડ્રેસીંગ ટેબલ તોડીને તેમાં રહેલા સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમ મળી કુલ રૂ. ૨,૬૫, ૦૦૦નો મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા. ઉપરાંત નિતિનભાઈ દવેના મકાનમાં પણ બારીના કાચ તોડી પ્રવેશ કર્યો હતો. પરંતુ મકાનમાં શોધખોળ કરવા છતાંય કશું ન મળતા માત્ર ૧૫૦ રૂપિયા હાથ લાગ્યા હતા. જ્યારે એજ સોસાયટીના ભરતભાઈ ખમારના મકાનમાં બારી કાઢવાનો પ્રયાસ કર્યો હતો. તસ્કર ટોળકી બાજુમાં આવેલ ગંગોત્રી સોસાયટીમાં પણ ત્રાટકી હતી. પરંતુ રહિશો જાગી જતા ચોર ઈસમોએ પોતાની સાથે રાખેલા મેટલ પથ્થરોનો મારો ચલાવતા રહિશો ગભરાઈ ગયા હતા. પરંતુ રહિશો એકત્ર થઈ સામનો કરતા ચોર ટોળકી ઉભી પુંછડીયે ભાગી હતી.

પ્રાંતિજમાં બે દિવસ અગાઉ જૈન મંદિરમાં ચોરી થઈ છે. ચોરીનું પગેરૂ શોધવામાં હજુ પોલીસ નિષ્ફળ નીવડી છે. ચોરોએ શહેરની સોસાયટીઓને નિશાન બનાવી છે. ચોર ટોળકીને પકડવામાં પ્રાંતિજ પોલીસ જાણે ઉદાસીનતા દાખવી રહી છે.

## દાંતીવાડા ભાજપના પાયાના કાર્યકરોમાં સંગઠનની ચર્ચાતી રચના બાબતે નારાજગી

દાંતીવાડા, તા.૧૫

દાંતીવાડા ભારતીય જનતા પાર્ટીમાં ભાજપ યુવા મોરચાના સંગઠનની ચર્ચાતી રચના બાબતે વર્ષોથી નિષ્ઠાપણે રાતદિવસ પક્ષમાં તમામ કામગીરી કરતા અને તનતોડ મહેનત કરી જવાબદારી નિભાવતા કેટલાક કાર્યકરોની અવગણના થતા ભારે નારાજગી જોવા મળી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જે નિષ્ઠા પણે રાત દિવસ પક્ષના કાર્યો કરી રહ્યા છે. જયારે પણ પક્ષની સભાઓ હોય ત્યારે તમામ પ્રકારની બેઠક વ્યવસ્થાઓ માટે કામગીરી કરી લોકોને એકત્રીત કરવા, ચૂંટણી સમયે ઘરે ઘરે જઈ લોકોને મતદાન કરવા આગ્રહ કરવો, મતદાતાઓને બુથો સુધી લઈ જવા અને વર્ષો પાયાના મજબૂત કાર્યકર તરીકે નિષ્ઠાપૂર્વક તનતોડ મહેનત કરીને પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, લોકસભા, વિધાનસભા જેવી ચૂંટણીમાં કામ કરી રહેલા કાર્યકરોને હોદ્દા પરથી દૂર રાખી પક્ષ વિરોધી કાર્ય કરનારને અગ્રીમતા આપવામાં આવે છે ત્યારે નિષ્ઠાપૂર્વક કામ કરતા પાયાના કાર્યકરમાં ભારે નારાજગી વ્યાપી જવા પામી છે. આ મામલે યુવા મોરચામાં સંગઠનની ચર્ચાતી રચનાના નામ બાબતે જિલ્લા ભાજપ મોવડી મંડળ કાર્યકરોના ઝીણવટભર્યા કાર્યોને જોઈ સાચા કાર્યકરની યોગ્ય હોદ્દે વરણી થાય તેવી માંગણી દાંતીવાડા ભાજપના કાર્યકરો કરી રહ્યા છે.

## મોરબીમાં ગચ્છનાયક પૂ. ભાવચંદ્રજી સ્વામીનો ભવ્ય ચાતુમાસ

શ્રી મણીબેન પ્રભાશંકર શેઠ સ્થાનકવાસી જૈન પૌષધશાળામાં અજરામર સંપ્રદાયના ગચ્છનાયક પૂ. ભાવચંદ્રજી સ્વામી ચાતુમાસ કરવા માટે પધાર્યા હતા. સ્વાગત યાત્રામાં હજારો ભાવિકો જોડાયા હતા. રોહિતભાઈ દોશીના નિવાસ સ્થાને ગુરૂદેવોના વધામણા કર્યા હતા. ૧૭૦૦ ભાવિકો પધાર્યા હતા. ઉછામણીમાં લગભગ ૨૫ લાખની રકમ એકત્ર કરી હતી. ધર્માનુષ્ઠાના રોજ પ્રવચન, રવિવારીય શિબિર, ગુરૂવાર મહિલા શિબિર થશે.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર સ્થિત પૂર્વ પોલીસ મથકમાં ફરજ બજાવતા ડી.વાય.એસ.પી. મનોહરસિંહ જાડેજાએ આજે બાળ રિમાન્ડ હોમના બાળકોને પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી માતાના દર્શન કરાવ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | |
|---|---|---|
| **વિજાપુર** | | |
| વરિયાળી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| એરંડા | ૬૮૫ | ૭૦૮ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૦ |
| જુવાર | ૩૦૦ | ૩૪૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૧૦ |
| **કૂકરવાડા** | | |
| રાયડો | ૫૯૦ | ૬૦૮ |
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| બાજરી | ૨૨૦ | ૩૨૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૪ |
| જુવાર | ૨૭૯ | ૪૦૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૪૫ |
| **તલોદ** | | |
| મગફળી | ૬૦૦ | ૯૬૦ |
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૪ |
| બાજરી | ૨૪૦ | ૨૯૭ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૨૬ |
| મગ | ૬૦૦ | ૯૭૧ |
| રાયડો | ૫૪૦ | ૫૬૪ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૨૨ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૮ | ૩૨૬ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૭ |
| ગવાર | ૧૨૬૬ | ૧૨૭૮ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૧૪ | ૩૮૧ |
| રાયડો | ૫૨૫ | ૫૯૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૨૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૧૨૬૦ | ૧૨૭૫ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૫૦ |
| જુવાર | ૩૧૦ | ૩૭૫ |
| રાયડો | ૫૨૦ | ૫૮૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૭૦૦ | ૯૨૧ |
| એરંડા | ૬૭૦ | ૬૯૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૭ |
| મકાઈ | ૨૬૦ | ૩૦૨ |
| બાજરી | ૨૪૫ | ૨૭૬ |
| ગવાર | ૧૦૮૦ | ૧૨૮૧ |
| **સિદ્ધપુર** | | |
| રાયડો | ૫૯૦ | ૬૧૨ |
| એરંડા | ૬૮૦ | ૭૧૨ |
| ગવાર | ૧૦૪૧ | ૧૨૩૨ |
| ઘઉં | ૨૪૧ | ૩૭૧ |
| બાજરી | ૧૫૦ | ૧૯૦ |
| જુવાર | ૩૬૦ | ૬૧૫ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૦૧૫ | ૨૯૦૦ |
| વરીયાળી | ૯૩૫ | ૧૨૯૫ |
| ઈ.ગુલ | ૧૦૬૦ | ૧૪૨૨ |
| રાયડો | ૬૦૧ | ૬૨૫ |
| તલ | ૧૮૭૫ | ૨૨૬૦ |
| સરસવ | ૬૪૦ | ૬૯૧ |
| સવા | ૭૨૫ | - |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૨૯૫ | ૩૫૫ |
| બાજરી | ૨૧૦ | ૨૯૩ |
| એરંડા | ૬૭૪ | ૭૦૦ |
| ગવાર | ૧૦૫૮ | ૧૨૫૧ |
| જુવાર | ૩૭૫ | ૫૬૧ |
| જીરૂ | ૨૩૪૧ | ૨૫૦૯ |
| રાયડો | ૫૪૦ | ૫૯૬ |
| મેથી | ૫૧૫ | - |
| અજમો | ૪૨૫ | ૮૭૦ |
| સવા | ૬૯૨ | - |
| **માણસા** | | |
| રાયડો | ૫૯૦ | ૫૯૭ |
| એરંડા | ૬૬૦ | ૭૧૦ |
| ગવાર | ૯૫૧ | ૧૩૫૧ |
| ઘઉં | ૩૧૮ | ૩૪૮ |
| બાજરી | ૨૦૦ | ૨૮૭ |
| જુવાર | ૩૦૦ | ૩૫૨ |
| **મોડાસા** | | |
| મગફળી | ૪૦૦ | ૮૩૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| બાજરી | ૨૪૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૭૫ | ૩૩૪ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૮ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૭૯ |
| **ટીટોઈ** | | |
| મગફળી | ૭૦૦ | ૮૮૭ |
| ઘઉં | ૩૬૦ | ૩૮૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૬૦ |
| **બાયડ** | | |
| બાજરી | ૨૩૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| **હારીજ** | | |
| રાયડો | ૫૮૦ | ૬૦૩ |
| એરંડા | ૬૭૫ | ૭૦૨ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૬૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૨૮ |
| ચણા | ૫૪૦ | ૬૨૫ |
| જીરુ | ૨૧૫૦ | ૨૬૫૦ |
| સવા | ૬૦૦ | ૬૯૧ |
| અડદ | ૬૦૦ | ૬૭૫ |
| **બાવળા** | | |
| આઈઆર | ૩૦૫ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૭ | ૩૪૬ |
| મગ | ૫૯૨ | - |
| એરંડા | ૬૮૬ | ૬૮૮ |
| ચણા | ૬૦૧ | - |
| **વિસનગર** | | |
| ઘઉં | ૨૯૫ | ૩૪૨ |
| બાજરી | ૨૦૧ | ૩૧૮ |
| જુવાર | ૩૭૦ | ૫૫૭ |
| ગવાર | ૧૦૪૦ | ૧૩૩૫ |
| રાયડો | ૫૭૦ | ૬૧૮ |
| રજકો | ૧૫૦૦ | ૨૪૦૦ |
| એરંડા | ૬૭૦ | ૭૦૨ |
| મેથી | ૫૨૮ | - |
| જવ | ૨૬૫ | - |
| **સલાલ** | | |
| મગફળી | ૭૫૦ | ૯૩૦ |
| ઘઉં | ૩૫૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| ડાંગર | ૨૯૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ. | ૩૧૦ | ૩૫૦ |
| **ઇડર** | | |
| મગફળી | ૭૦૦ | ૯૭૦ |
| ઘઉં | ૩૨૫ | ૩૬૫ |
| બાજરી | ૨૫૦ | ૨૫૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૩૧ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૧ |
| મગ | ૭૫૦ | ૭૭૫ |
| **આંબલિયાસણ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| બાજરી | ૨૦૯ | ૨૮૬ |
| એરંડા | ૬૭૯ | ૬૮૪ |
| રાયડો | ૫૩૮ | ૫૯૪ |
| ગવાર | ૧૦૧૫ | ૧૨૦૦ |
| **જોટાણા** | | |
| ઘઉં | ૨૫૦ | ૩૫૫ |
| બાજરી | ૨૨૦ | ૨૮૧ |
| એરંડા | ૬૮૨ | ૬૯૦ |
| ગવાર | ૧૨૭૮ | ૧૩૦૮ |
| રાયડો | ૫૯૭ | ૬૦૦ |
| **કલોલ** | | |
| ઘઉં | ૨૯૮ | ૩૪૫ |
| એરંડા | ૬૮૫ | ૬૯૩ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૭૦ |
| જુવાર | ૩૧૦ | ૩૭૫ |
| બાજરી | ૨૬૦ | ૨૮૬ |
| રાયડો | ૫૯૩ | - |
| ડાંગર | ૩૦૦ | ૩૯૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૯૫ |
| મકાઈ | ૨૮૫ | ૨૯૫ |
| મગ | ૬૭૦ | ૯૦૦ |
| મગફળી | ૭૦૦ | ૯૦૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| **ગોઝારીયા** | | |
| એરંડા | ૬૯૦ | ૬૯૭ |
| બાજરી | ૨૦૦ | ૨૮૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૫ |
| જુવાર | ૨૮૦ | ૩૫૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૯૬ |
| રાયડો | ૫૮૦ | - |